# સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માં કેન્દ્રિય ધોરણે પ્રવેશ જાહેરાત

**(શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૦૨૨)**

ધોરણ ૧૨ (HSC) તથા તેની સમકક્ષ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંલગ્ન સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર કોલેજોમાં પ્રથમ વર્ષ **B.Com, B.B.A, B.R.S, B.Sc, B.Sc (Computer Science), BCA** તથા યુનિવર્સિટી પરિસર ખાતે ચાલતા **Five Year Integrated B.Com LL.B (Hons.), Five Year Integrated M.Sc IT, Five Year Integrated M.Sc Biotechnology, Five Year Integrated M.R.S. in Sustainable Development,** તથા **B.A Mass Communication** અભ્યાસક્રમોમાં કેન્દ્રિય **ધોરણે પ્રવેશ માટે યુનિવર્સિટીની વેબસાઈટ www.vnsgu.ac.in પર ઓનલાઇન અરજી કરવાની પ્રક્રિયા તારીખ ૨૨/૭/૨૦૨૧ ના રોજ સંજના ૭.00 કલાકથી ચાલુ થશે. જે વિદ્યાર્થીઓ ના પરિણામ જાહેર થઈ ચૂક્યાં છે માત્ર તેજ વિદ્યાર્થીઓએ પ્રવેશ ફોર્મ ભરવાં,** જે વિદ્યાર્થીઓના પરિણામ જાહેર થવાના બાકી છે તેઓએ જયારે પરિણામ જાહેર થાય ત્યાર બાદ **પરિણામ જાહેર થયાની તારીખથી દિન ૧૦ માં ઓનલાઇન ફોર્મ જમા કરાવી દેવાના રહેશે.**

B.R.S. તથા Five Year Integrated M.R.S. in Sustainable Development બંને માટે એકજ કોમન ફોર્મ ભરવાનું રહેશે. એ સિવાય ના પ્રત્યેક અભ્યાસક્રમ માટે અલગ અલગ પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે.

**B.Com, B.Sc, તથા B.C.A ની પ્રવેશ પ્રક્રિયા સુરત, વલસાડ, નવસારી, બારડોલી અને ભરૂચ એમ પાંચ ઝોન વાઈઝ કરવાની હોવાથી** વિદ્યાર્થીઓએ પોતાની પસંદગી ની કોલેજો જે ઝોનમાં આવતી હોય તે જોઈ તે અનુસાર પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે. **જો કોઈ વિદ્યાર્થી એક કરતાં વધુ ઝોન ની કોલેજો માટે પ્રવેશ ફોર્મ ભરવા માંગતા હોય તો પ્રત્યેક ઝોન માટે અલગ અલગ ફોર્મ ભરવાનું રહેશે.** (કયા ઝોનમાં કઈ કઈ કોલેજો નો સમાવેસ કરવામાં આવેલ છે તેની વિગતો વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તે જોયા બાદજ ફોર્મ ભરવાની કાર્યવાહી કરવી).

પ્રવેશ અંગેની લાયકાત તથા પ્રવેશની સંપૂર્ણ વિગતો યુનિવર્સિટીની વેબસાઇટ પર ઉપલબ્ધ છે તેનો બરાબર અભ્યાસ કર્યા બાદ જ ઓનલાઇન ફોર્મ ભરવું. **પ્રવેશ માટેની પ્રોસેસિંગ ફી રૂ. ૧૫૦/- (Non-Refundable)** નેટ બેન્કિંગ, ડેબિટ/ક્રેડિટ કાર્ડથી અથવા યુ.પી.આઈ થી જ ભરવાની રહેશે, અન્ય કોઈપણ રીતે રજીસ્ટ્રેશન ઉપલબ્ધ નથી.

તમામ વિદ્યાર્થીઓએ ઓનલાઇન ફોર્મમાં જ પોતાની માર્કશીટ (શાળા તરફથી આપવામાં આવેલી સહી સિક્કા વાળી માર્કશીટ અથવા જે તે બોર્ડની વેબસાઈટ પરથી / ડિજીલોકર પરથી ડાઉનલોડ કરેલી માર્કશીટ ની પી.ડી.એફ. કોપી અથવા અસલ માર્કશીટ નો ફોટો પાડીને) તથા અન્ય જરૂરી પ્રમાણપત્રો ફરજીયાત ઓનલાઇન જ અપલોડ કરવાના રહેશે. એસ.સી, એસ.ટી, એસ.ઇ.બી.સી, ઇ.ડબ્લ્યુ.એસ (આર્થિક રીતે પછાત), પી.એચ. (દિવ્યાંગ), સ્પોર્ટ્સ વગેરે કેટેગરી ના વિદ્યાર્થીઓએ સંબંધિત પ્રમાણપત્રો પણ ઓનલાઇન ફોર્મમાં જ અપલોડ કરવાના રહેશે.

વિદ્યાર્થી ડેસ્કટોપ કોમ્પ્યુટર, લેપટોપ અથવા મોબાઈલ થી પોતેજ પોતાનું ફોર્મ ભરી શકશે. વિદ્યાર્થીઓએ સાયબર કાફેમાં ન જતાં પોતે ફોર્મ ભરવું અથવા નજીકની કોલેજ અથવા શાળામાં જઈ ફોર્મ ભરવું હિતાવહ છે. **કોલેજો તથા શાળાઓ વિદ્યાર્થી પાસે રૂ. ૫૦ લઈ ફોર્મ ભરવાની સુવિધા ઉપલબ્ધ કરાવશે.** દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી કાર્યવિસ્તારમાં આવેલ તમામ શાળાઓ અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો હેલ્પ સેન્ટર તરીકે કાર્યરત રહેશે. ડોકયુમેન્ટ જમા કરાવવા કે વેરીફાય કરાવવા કોઈપણ કોલેજ, યુનિવર્સિટી કે હેલ્પસેન્ટર પર રૂબરૂ જવાનું રહેશે નહીં. **ઓનલાઇન ફોર્મ ભરવામાં થતી મુઝવણ માટે હેલ્પલાઇન નંબર ૦૨૬૧૨૩૮૮૮૮૮** પર જ પૂછપરછ કરી સ્પષ્ટતા મેળવી લેવાની રહેશે.

સમગ્ર પ્રવેશ પ્રક્રિયા ઓનલાઇન રહેશે, વિદ્યાર્થીએ નિયમિત રીતે પોતાનું ડેશબોર્ડ તથા યુનિવર્સીટી ની વેબસાઇટ ચેક કરવાની રહેશે, ઓનલાઇન ફોર્મમાં વિદ્યાર્થીએ જે કોલેજમાં પ્રવેશ મેળવવો છે તેની પસંદગી કરવાની નથી પરંતુ કાઉન્સિલિંગ માટે વિદ્યાર્થી જે કોલેજ પર હાજર રહેવા માંગતો હોય તેની પસંદગી કરવાની રહેશે. જે અભ્યાસક્રમ જે કોલેજમાં ચાલતો હોય તે તમામ કોલેજો કાઉન્સિલિંગ સેન્ટર તરીકે કાર્યરત રહેશે. કાઉન્સિલિગ ના દિવસે વિદ્યાર્થીએ પસંદ કરેલ કાઉન્સિલિગ સેન્ટર પર નિયત કરેલ તારીખ અને સમયે ફરજીયાત હાજર રહેવાનું રહેશે, કાઉન્સિલિંગ નો કાર્યક્રમ યુનિવર્સીટી ની વેબસાઈટ પર મુકવામાં આવશે. કાઉન્સિલિંગ દરમ્યાન વિદ્યાર્થી સાથે પરામર્શ કરીને વિદ્યાર્થીના મેરીટ અનુસાર જે કોલેજમાં પ્રવેશ મળવા પાત્ર હશે તે કોલેજમાં પ્રવેશની ફાળવણી કરવામાં આવશે.

વિદ્યાર્થીઓને ફાળવવામાં આવનાર પ્રવેશ પ્રોવિઝનલ ગણાશે, કોઈપણ તબક્કે રજૂ કરેલ દસ્તાવેજ (ડોકયુમેન્ટ) ની સત્યતા બાબતે અથવા પ્રવેશ માટેની નિર્ધારિત લાયકાતની પરિપૂર્ણતા અંગે કોઈ વિસંગતતા ઊભી થાય તેવા સંજોગોમાં પ્રવેશ રદ કરવા સહિતનો યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે.

કુલ બેઠકો પૈકીની ૮૦% બેઠકો ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ માટે તથા કુલ બેઠકો પૈકીની ૨૦% બેઠકો CBSE તથા અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટે ફાળવવામાં આવેલ છે.

**નોંધ:.**

1. **B.A.** ની પ્રવેશ પ્રક્રિયા જેતે કોલેજ ખાતે કરવામાં આવનાર હોવાથી કોલેજનો સમ્પર્ક કરવાનો રહેશે. **Fine Arts (B.F.A.),** તથા **Interior Design (B.I.D.)** ની પ્રવેશ પ્રક્રિયા યુનિવર્સીટી કેમ્પસ ખાતેના ફાઈન આર્ટસ તથા ઇન્ટરિયર ડિઝાઇન ના ભવનો ખાતે કરવામાં આવશે.
2. **MBBS, BHMS, B.**Sc. Nursing, B. Optometry, B. Architecture તથા B. Physiotherapy ના પ્રવેશ યુનિવર્સીટી દ્વારા કે યુનિવર્સિટી સંલગ્ન કોલેજ દ્વારા કરવામાં આવતા નથી પરંતુ ગજરાત સરકારશ્રી દ્વારા નિયુક્ત સેન્ટ્રલાઈઝડ એડમિશન કમિટી દ્વારા કરવામાં આવે છે.

તા. ૨૦/૭/૨૦૨૦ ઈ.ચા.કુલસચિવ

સ્થળ: સુરત